**THE GUJARAT UNIVERSITY OF TRANSPLANTATION SCIENCES (AMENDMENT) BILL, 2024.**

**GUJARAT BILL NO. 5 OF 2024.**

***A B I L L***

*further to amend the Gujarat University of Transplantation Sciences Act, 2015.*

It is hereby enacted in the Seventy-fifth Year of the Republic of India as follows: -

**1.** This Act may be called the Gujarat University of Transplantation Sciences (Amendment) Act, 2024. **Short title.**

**Amendment of section 2 of Guj. 9 of 2015.**

**2.** In the Gujarat University of Transplantation Sciences Act, 2015 (hereinafter referred to as "the principal Act"), in section 2, - **Guj. 9 of 2015.**

(1) clause (15) shall be deleted;

(2) after clause (23), the following clause shall be inserted, namely: -

"(24) "Vice-Chancellor" means the Vice-Chancellor of the University.".

**Amendment of section 3 of Guj. 9 of 2015.**

**3.** In the principal Act, in section 3, -

(1) in sub-section (2), for the word "Pro-Chancellor", the word "Chancellor" shall be substituted;

(2) after sub-section (5) the following sub-section shall be inserted namely: -

"(6) The Institute shall function under the University.".

**Amendment of section 9 of Guj. 9 of 2015.**

**4.** In the principal Act, in section 9, in clause (i), for the word "Pro-Chancellor", the word "Chancellor" shall be substituted.

**Substitution of section 10 of Guj. 9 of 2015.**

**5.** In the principal Act, for section 10, the following section shall be substituted, namely: -

**"Chancellor.** **10.** (1) The Governor of the State of Gujarat shall be the Chancellor of the University.

(2) The Chancellor shall, by virtue of his office, be the head of the University and shall, if present, preside at the Convocation of the University held for conferring degrees.".

**Deletion of section 11 of Guj. 9 of 2015.**

**6.** In the principal Act, section 11 shall be deleted.

**7.** In the principal Act, for section 12, the following section shall be substituted, namely: - **Substitution of section 12 of Guj. 9 of 2015.**

**"Vice-Chancellor.** **12.** (1) The Vice-Chancellor shall be appointed by the State Government, who shall be the principal academic and executive officer of the University and *ex-officio* Chairperson of the Board of Governors, Academic Council, Executive Council and Finance Committee.

(2) The Vice-Chancellor shall be a Post-Graduate doctor of eminence with twenty years of professional experience out of which minimum seven years of experience shall be in organ transplantation or transplantation related research.

(3) The Vice-Chancellor shall, subject to the terms and conditions of contract of service, hold office for a term of five years from the date on which he takes charge of his office and shall be eligible for re-appointment for one more term only:

Provided that no person appointed as a Vice-Chancellor shall continue to hold his office as such after he attains the age of sixty-seven years.

(4) Where a vacancy in the office of the Vice-Chancellor occurs on account of death, resignation or otherwise, the State Government shall appoint as soon as possible, a suitable person to be the Vice-Chancellor of the University in accordance with sub-sections (1) and (2).

(5) The Vice-Chancellor may, by writing under his signature addressed to the State Government, resign from his office and such resignation shall take effect from the date of acceptance of resignation by the State Government.".

**Amendment of section 13 of Guj. 9 of 2015.**

**8.** In the principal Act, in section 13, -

(1) in clause (ii), for the words "Executive Council", the words "Board of Governors, Executive Council" shall be substituted;

(2) for clause (vi), the following clause shall be substituted, namely: -

"(vi) exercise such other powers and perform such other duties as may be assigned to him by or under this Act or the regulations or as may be delegated to him by the State Government;";

(3) after clause (vi), the following clauses shall be added, namely: -

"(vii) the Vice-Chancellor shall have, subject to the provisions of this Act, power to authorise such person or persons as he may direct to make an inspection or review of the University, its buildings, hostels, libraries, equipments and systems and processes of any institution or centre maintained by the University, and also of the examinations, teaching, research and other work conducted or done by the University and to cause an inquiry to be made in like manner in respect of any matter connected with the administration, academic affairs and finances of the University;

(viii) the Vice-Chancellor shall be the *ex-officio* Director of the institute.".

**Deletion of section 14 of Guj. 9 of 2015.**

**9.** In the principal Act, section 14 shall be deleted.

**Amendment of section 15 of Guj. 9 of 2015.**

**10.** In the principal Act, in section 15, for sub-section (2), the following sub-section shall be substituted, namely: -

"(2) The Vice-Chancellor shall nominate the Deans with the approval of the Board of Governor, -

(i) from amongst the professors and Heads of Departments of IKDRC-ITS; or

(ii) from amongst the academic faculty of the University who are in the professor scale and having not less than 15 years of professional experience.".

**11.** In the principal Act, in section 20, - **Amendment of section 20 of Guj. 9 of 2015.**

(1) in sub-section (1),

(i) clause (i) shall be deleted;

(ii) for clause (vi), the following clause shall be substituted, namely:-

"(vi) Four members, to be nominated by the State Government, out of which two members shall be from the Governing body of the Institute, other than *ex-officio* members, and remaining two members having experience in Administration or Management or Finance or Law or Health Care.";

(2) in sub-section (3), in clause (iii), for the words "Pro-Chancellor", the words "Vice-Chancellor" shall be substituted;

(3) in sub-section (4), for the words "Pro-Chancellor", the words "Vice-Chancellor" shall be substituted;

(4) for sub-section (6), the following sub-section shall be substituted, namely: -

"(6) Every meeting of the Board of Governors shall be presided over by the Vice-Chancellor and in his absence, by a member, who is chosen by the members present at the meeting.".

**12.** In the principal Act, in section 21, in sub-section (2), in clause (ix), for the word "Pro-Chancellor", the word "Vice-Chancellor" shall be substituted. **Amendment of section 21 of Guj. 9 of 2015.**

**13.** In the principal Act, in section 36, in sub-section (2), for the word "Pro-Chancellor" wherever they occur, the word "Vice-Chancellor" shall be substituted. **Amendment of section 36 of Guj. 9 of 2015.**

**14.** In the principal Act, in section 38, in sub-section (2), in clause (ii), the word "Pro-Chancellor" shall be deleted. **Amendment of section 38 of Guj. 9 of 2015.**

**15.** In the principal Act, in section 39, the word "Pro-Chancellor" shall be deleted. **Amendment of section 39 of Guj. 9 of 2015.**

**Amendment of section 42 of Guj. 9 of 2015.**

**16.** In the principal Act, in section 42, the clause (v) shall be deleted.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat University of Transplantation Sciences has been established in the State of Gujarat under the Gujarat University of Transplantation Sciences Act, 2015 to impart proper and systematic instruction, teaching, training and research in transplantation and allied sciences in the State and also to confer the status of University to Smt. Gulabben Rasiklal Doshi and Smt. Kamlaben Mafatlal Mehta Institute of Kidney Diseases and Research Centre-Dr. H.L. Trivedi Institute of Transplantation Sciences (IKDRC-ITS).

Section 10 of the said Act provides for the appointment of Pro-Chancellor of the University. The State Government considers it necessary to remove the office of the Pro-Chancellor so as to bring the parity with the other Universities laws. It is considered necessary that the Governor of Gujarat shall preside at the convocation as a Chancellor of the University. Therefore, necessary amendments have been proposed to be made in the said Act of 2015.

Existing sections 12 and 13 have been proposed to be amended to provide for the terms and conditions subject to which the Vice-Chancellor shall be appointed as also to provide for the powers and functions of the Vice-Chancellor. Other consequential amendments have also been proposed in certain sections of the said Act.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid object.

Dated 22nd February, 2024. **RUSHIKESH PATEL.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT UNVERSITY OF TRANSPLANTATION SCIENCES ACT, 2015.**

**(Guj. 9 of 2015)**

**Definitions.** **2.** (1) to (14) XXX XXX XXX

(15) "Pro-Chancellor" means the Pro-Chancellor of the University appointed under section 10;

(16) to (23) XXX XXX XXX

**Establishment and incorporation of University.** **3.** (1) XXX XXX XXX

(2) The Pro-Chancellor, Vice-Chancellor, Deans, Registrar, Finance and Accounts Officer, Controller of Examinations, Board of Governors, Executive Council, Academic Council, Finance Committee and all other persons who may hereafter become such officers or members so long as they continue to hold such office or membership, shall constitute a body corporate by the name of the "Gujarat University of Transplantation Sciences".

(3) to (5) XXX XXX XXX

**Officers of University.** **9.** The following shall be the Officers of the University, namely: -

(i) the Pro-Chancellor;

(ii) to (vii) XXX XXX XXX

**Pro-Chancellor.** **10.** (1) There shall be a Pro-Chancellor of the University, who shall be appointed by the State Government in consultation with the Board of Governors.

(2) The Pro-Chancellor shall be an eminent person with atleast 20 years of experience in the field of transplantation which may include the experience of research in the field transplantation.

(3) The Pro-Chancellor shall hold office for a period of five years and shall be eligible for reappointment.

(4) Where a vacancy in the office of the Pro-Chancellor occurs on account of death, resignation or otherwise, the State Government shall appoint as soon as possible, a suitable person to be the Pro-Chancellor of the University in accordance with the provision of sub-section (1). Till such appoint is made by the State Government, the Vice-Chancellor shall perform the duties and discharge the functions of the Pro-Chancellor.

(5) The Pro-Chancellor may resign from his office by writing under his hand addressed to the State Government and such resignation shall take effect from the date of acceptance by the State Government.

**Powers of Pro-Chancellor.**

**11.** (1) The Pro-Chancellor shall preside over the meetings of the Board of Governors and at the convocation of the University.

(2) The Pro-Chancellor shall exercise such other powers and perform such other duties as may be assigned to him by or under this Act or regulations made thereunder.

(3) The Pro-Chancellor shall have, subject to the provisions of this Act, power to cause an inspection or review, to be made by such person or persons as he may direct, of the University, its buildings, hostels, libraries, equipments and systems and processes of any institution or center maintained by the University, and also of the examinations, teaching, research and other work conducted or done by the University and to cause an inquiry to be made in like manner in respect of any matter connected with the administration, academic affairs and finances of the University.

**Vice-Chancellor.** **12.** (1) The Vice-Chancellor shall be appointed by the State Government, in consultation with the Pro-Chancellor.

(2) The qualifications and other terms and conditions of the Vice-Chancellor shall be such as may be determined by the State Government.

(3) The Vice-Chancellor shall hold office for a period of five years and shall be eligible for reappointment.

(4) Where a vacancy in the office of the Vice-Chancellor occurs on account of death, resignation or otherwise, the State Government shall appoint as soon as possible, a suitable person to be the Vice-Chancellor of the University in accordance with the provision of sub-section (1).

(5) The Vice-Chancellor may resign from his office by writing under his hand addressed to the State Government through the Pro-Chancellor, and such resignation shall take effect from the date of acceptance by the State Government.

**Powers and functions of Vice-Chancellor.** **13.** The Vice-Chancellor shall –

(i) XXX XXX XXX

(ii) preside over at the meetings of the Executive Council, Academic Council and the Finance Committee;

(iii) to (v) XXX XXX XXX

(vi) exercise such other powers and perform such other duties as may be assigned to him by or under this Act or the regulations or as may be delegated to him by the Board of Governors or by the Pro-Chancellor.

**Emergency powers of Vice-Chancellor.** **14.** (1) Where any matter is of an urgent nature requiring immediate action and the same cannot be immediately dealt with by the Pro-Chancellor or any authority or body of the University empowered under this Act to deal

with it, the Vice-Chancellor may take such action as he may deem fit, and shall forthwith report the action so taken by him to the authority or body of the University who or which, in the ordinary course, would have dealt with the matter.

(2) Where the exercise of the power by the Vice-Chancellor due to urgency of matter under sub-section (1) involves the appointment of any person, such appointment shall be confirmed by the competent authority empowered to approve such appointment, in accordance with the provisions of this Act and the Regulations, not later than six months from the date of order of the Vice-Chancellor, otherwise such appointment shall cease to have effect.

**15.** (1) XXX XXX XXX **Deans.**

(2) The Deans shall be nominated by the Vice-Chancellor from amongst the Professors of the University after having obtained the approval from the Board of Governors for the same.

(3) to (6) XXX XXX XXX

**20.** (1) The Board of Governors of the University shall consist of the following members, namely: - **Board of Governors.**

(i) the Pro-Chancellor;

(ii) to (v) XXX XXX XXX

(vi) Four members, to be nominated by the State Government, from the Governing Body of the Institute, other than *ex-officio* members, out of which two members shall be academicians in the field of transplantation.

(2) XXX XXX XXX

(3) (i) and (ii) XXX XXX XXX

(iii) A nominated member may resign from his office by writing under his hand addressed to the Pro-Chancellor and his resignation shall take effect from the date of acceptance of such resignation.

(iv) XXX XXX XXX

(4) The Board of Governors shall meet as often as may be necessary, on the dates to be fixed by the Pro-Chancellor. However, the Pro-Chancellor may, whenever he thinks fit, convene a special meeting of the Board of Governors. The rules of procedure for conduct of business to be followed at a meeting and such other matters in relation to meeting as may be necessary shall be such as may be prescribed by the regulations.

(5) XXX XXX XXX

(6) Every meeting of the Board of Governors shall be presided over by the Pro- Chancellor and in his absence, by the Vice-Chancellor and in the absence of both, by a member, who is chosen by the members present at the meeting.

(7) XXX XXX XXX

**Powers and functions of Board of Governors.**

**21.** (1) XXX XXX XXX

(2) The Board of Governors shall have the following powers, namely:-

(i) to (viii) XXX XXX XXX

(ix) if urgent action by the Board of Governors becomes necessary, the Pro-Chancellor may permit the business to be transacted by circulation of papers to the members of the Board of Governors; The action proposed to be taken shall not be so taken unless agreed to, by the majority of the members of the Board of Governors. The action so taken shall be forthwith intimated to all

members of the Board of Governors and the papers shall be placed before the next meeting of the Board of Governors for confirmation;

(x) to (xii) XXX XXX XXX

**Dismissal, removal, reduction or termination of services of staff of University.**

**36.** (1) XXX XXX XXX

(2) An appeal against an order under sub-section (1) shall be preferred to the Pro- Chancellor within ninety days from the date of communication of such order and the decision of the Pro-Chancellor in such appeal shall be final.

**Power to make regulations.**

**38.** (1) XXX XXX XXX

(2) In particular and without prejudice to the generality of the foregoing powers, such regulations may provide for all or any of the following matters, namely: -

(i) XXX XXX XXX

(ii) the other powers and functions to be exercised and discharged by the Pro- Chancellor, Vice-Chancellor, Deans, Registrar, Finance and Accounts Officer and other Officers of the University;

(iii) to (xxv) XXX XXX XXX

**Indemnity and legal proceedings.**

**39.** No suit, prosecution or other legal proceedings shall lie "against and no damage shall be claimed from the University, Pro- Chancellor, Vice-Chancellor, Directors, Professors, Associate Professors, Assistant Professors, Deans, Readers, Lecturers authorities or Officers or employees of the University or any other person in respect of anything which is done in good faith or purporting to be done in pursuance of this Act or any regulations made thereunder.

**Transitory provisions for first officers and officials of University.**

**42.** Notwithstanding anything contained in this Act –

(i) to (iv) XXX XXX XXX

(v) the existing officers and employees of the IKDRC-ITS, Ahmedabad shall be deemed to be the officers and employees of the University subject to fulfillment of eligibility criteria and approval of the Executive Council.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 5 OF 2024.**

*A BILL*

*further to amend the Gujarat University of Transplantation Sciences Act, 2015.*

**[SHRI RUSHIKESH PATEL,**
**MINISTER FOR HEALTH]**

**(**As published in the Gujarat Government Gazette of 22nd February, 2024**)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

----------

Government Central Press, Gandhinagar.

**GUJARAT BILL NO. 5 OF 2024.**

# THE GUJARAT UNIVERSITY OF TRANSPLANTATION SCIENCES (AMENDMENT) BILL, 2024.

***A BILL***

*further to amend the Gujarat University of Transplantation Sciences Act, 2015.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૫.**

## ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયક, ૨૦૨૪.

## ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ અધિનિયમ, ૨૦૧૫ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા.**

૧. આ અધિનિયમ ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે.

સન ૨૦૧૫નો ગુજરાતનો ૯-મો.

**સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.**

૨. ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ અધિનિયમ, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,-

(૧) ખંડ (૧૫) કમી કરવો;

(૨) ખંડ (૨૩) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૨૪) "કુલપતિ" એટલે યુનિવર્સિટીના કુલપતિ.".

**સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૩-નો સુધારો.**

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-માં,-

(૧) પેટા-કલમ (૨)માં,"ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)" એ શબ્દ અને કૌંસને બદલે, "કુલાધિપતિ (ચાન્સેલર)" એ શબ્દ અને કૌંસ મૂકવો;

(૨) પેટા-કલમ (૫) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:-

"(૬) ઈન્સ્ટિટ્યૂટ (સંસ્થા)-એ યુનિવર્સિટી હેઠળ કામગીરી કરવાની રહેશે.".

**સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૯-નો સુધારો.**

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯-માં, ખંડ (૧)માં,"ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)" એ શબ્દ અને કૌંસને બદલે,"કુલાધિપતિ (ચાન્સેલર)" એ શબ્દ અને કૌંસ મૂકવો.

**સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૧૦ બદલવા બાબત.**

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦-ને બદલે, નીચેની કલમ મૂકવી:-

"કુલાધિપતિ (ચાન્સેલર).

**૧૦.** (૧) ગુજરાત રાજ્યના રાજ્યપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ (ચાન્સેલર) રહેશે.

(૨) કુલાધિપતિ, તેમના હોદ્દાની રૂએ, યુનિવર્સિટીના વડા રહેશે અને હાજર હોય તો, પદવી એનાયત કરવા માટે યોજવામાં આવેલા પદવીદાન સમારંભનું અધ્યક્ષસ્થાન લેશે.".

**સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૧૧ કમી કરવા બાબત.**

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧ કમી કરવી.

સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૧૨ બદલવા બાબત.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨-ને બદલે, નીચેની કલમ મૂકવી:-

"કુલપતિ. ૧૨. (૧) રાજ્ય સરકાર કુલપતિની નિમણૂક કરશે, જે યુનિવર્સિટીના મુખ્ય શૈક્ષણિક અને કારોબારી અધિકારી રહેશે અને હોદ્દાની રૂએ, સંચાલક મંડળ, એકેડેમિક કાઉન્સિલ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, અને નાણા સમિતિના અધ્યક્ષ રહેશે.

(૨) કુલપતિ, વીસ વર્ષનો વ્યાવસાયિક અનુભવ ધરાવતા નામાંકિત અનુ-સ્નાતક ડોક્ટર હોવા જોઇશે, જે પૈકી તેઓ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન (અંગ પ્રત્યારોપણ) અથવા ટ્રાન્સપ્લાન્ટેશન (પ્રત્યારોપણ)ને સંબંધિત સંશોધનમાં ઓછામાં ઓછો સાત વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇશે.

(૩) કુલપતિ, સેવા કરારની બોલીઓ અને શરતોને અધીન રહીને, પોતાના હોદ્દાનો હવાલો સંભાળે તે તારીખથી પાંચ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે અને વધારાની માત્ર એક મુદત માટે ફેર-નિમણૂકને પાત્ર રહેશે:

પરંતુ કુલપતિ તરીકે નિમણૂક પામેલી કોઇ વ્યક્તિ, તે સડસઠ વર્ષની ઉંમર પૂર્ણ કરે ત્યારપછી તે તરીકે પોતાનો હોદ્દો ધરાવવાનું ચાલુ રાખી શકશે નહિ.

(૪) કુલપતિનો હોદ્દો, મૃત્યુ, રાજીનામાના કારણે અથવા અન્યથા ખાલી પડે, ત્યારે રાજ્ય સરકારે, બનતી ત્વરાએ, પેટા-કલમો (૧) અને (૨) અનુસાર યોગ્ય વ્યક્તિની યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂક કરવી જોઇશે.

(૫) કુલપતિ, પોતાની સહીથી લેખિતમાં, રાજ્ય સરકારને સંબોધીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, રાજ્ય સરકાર જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.".

સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૧૩-નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩-માં,-

(૧) ખંડ (૨)માં, "એક્ઝિક્યુટિવ કાઉન્સિલ" એ શબ્દોને બદલે, "સંચાલક મંડળ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (૬)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૬) આ અધિનિયમ અથવા વિનિયમોથી અથવા તે હેઠળ તેમને સોંપવામાં આવે તેવી અથવા રાજ્ય સરકાર તેમને સોંપે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.;";

(૩) ખંડ (૬) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-

"(૭) કુલપતિને, આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટી, તેના મકાનો, છાત્રાલયો, ગ્રંથાલયો, સાધનસામગ્રીઓ અને યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી કોઇ સંસ્થા અથવા કેન્દ્રની કાર્યપદ્ધતિઓ અને કાર્યવાહીઓનું અને યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવતી પરીક્ષાઓ, અધ્યાપન, સંશોધન અને કરેલા અથવા કરવામાં આવતા બીજા કાર્યનું પણ, તેઓ આદેશ કરે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા નિરીક્ષણ અથવા સમીક્ષા કરવા માટે તેમને અધિકૃત કરવાની અને

યુનિવર્સિટીના વહીવટ, શૈક્ષણિક બાબતો અને નાણાંને લગતી કોઈપણ બાબતની તપાસ તે જ રીતે કરાવવાની સત્તા રહેશે;

(૮) કુલપતિ, હોદ્દાની રૂએ સંસ્થાના નિયામક (ડિરેક્ટર) રહેશે.".

**૯.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪ કમી કરવી.

**સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૧૪ કમી કરવા બાબત.**

**૧૦.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫-માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

**સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૧૫-નો સુધારો.**

"(૨) કુલપતિએ, સંચાલક મંડળની મંજૂરીથી, નીચેની વ્યક્તિઓમાંથી ડીન-ને નામનિયુક્ત કરવા જોઈશે:-

(૧) IKDRC-ITSના પ્રાધ્યાપકો અને વિભાગના વડાઓમાંથી; અથવા

(૨) યુનિવર્સિટીની શૈક્ષણિક વિદ્યાશાખામાંની પ્રાધ્યાપકના પગારધોરણમાં હોય અને ઓછામાં ઓછા ૧૫ વર્ષનો વ્યાવસાયિક અનુભવ ધરાવતી હોય એવી વ્યક્તિઓમાંથી.".

**૧૧.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦માં,-

**સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૨૦-નો સુધારો.**

(૧) પેટા-કલમ (૧)માં,

(૧) ખંડ (૧) કમી કરવો;

(૨) ખંડ (૬)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૬) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના ચાર સભ્યો, જેમાંથી બે સભ્યો, ઇન્સ્ટિટ્યૂટની ગવર્નિંગ બોડીમાંથી રહેશે અને બાકીના બે સભ્યો, વહીવટ અથવા સંચાલન અથવા નાણા અથવા કાયદા અથવા આરોગ્ય સંભાળનો અનુભવ ધરાવતા હોવા જોઈશે.";

(૨) પેટા-કલમ (૩)માં, ખંડ (૩)માં, "ઉપકુલાધિપતિને" એ શબ્દને બદલે, "કુલપતિને" એ શબ્દ મૂકવો;

(૩) પેટા-કલમ (૪)માં, "ઉપકુલાધિપતિ" એ શબ્દને બદલે, "કુલપતિ" એ શબ્દ મૂકવો;

(૪) પેટા-કલમ (૬)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૬) કુલપતિ, સંચાલક મંડળની દરેક બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે અને તેમની ગેરહાજરીમાં, બેઠકમાં હાજર હોય તેવા સભ્યો પસંદ કરે તેવો સભ્ય, બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે.".

**૧૨.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં, પેટા-કલમ (૨)માં, ખંડ (૯)માં, "ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)" એ શબ્દ અને કૌંસને બદલે, "કુલપતિ" એ શબ્દ અને કૌંસ મૂકવો.

**સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૨૧-નો સુધારો.**

સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૩૬-નો સુધારો.

**૧૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૬માં, પેટા-કલમ (૨)માં, "ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)" એ શબ્દ અને કૌંસ અને "ઉપકુલાધિપતિ" એ શબ્દને બદલે, "કુલપતિ" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૩૮-નો સુધારો.

**૧૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૮માં, પેટા-કલમ (૨)માં, ખંડ (૨)માં, "ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)" એ શબ્દ અને કૌંસ કમી કરવા.

સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૩૯-નો સુધારો.

**૧૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૯માં, "ઉપકુલાધિપતિ" એ શબ્દ કમી કરવો.

સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા અધિનિયમની કલમ ૪૨-નો સુધારો.

**૧૬.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૨માં, ખંડ (૫) કમી કરવો.

## ઉદ્દેશો અને કારણો

રાજયમાં ટ્રાન્સપ્લાન્ટેશન અને સંલગ્ન વિજ્ઞાનમાં યોગ્ય અને પદ્ધતિસરનું પ્રશિક્ષણ, અધ્યાપન, તાલીમ આપવા અને સંશોધન કરવા માટે તેમજ શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમળાબેન મફતલાલ મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝિસ એન્ડ રિસર્ચ સેન્ટર-ડો. એચ. એલ. ત્રિવેદી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ (IKDRC-ITS)-ને યુનિવર્સિટીનો દરજ્જો પણ આપવા માટે ગુજરાત રાજ્યમાં ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ અધિનિયમ, ૨૦૧૫ હેઠળ ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝની સ્થાપના કરવામાં આવી છે.

સદરહુ અધિનિયમની કલમ ૧૦-થી યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)ની નિમણૂક માટેની જોગવાઈ કરી છે. બીજી યુનિવર્સિટીઓના કાયદા સાથે સમાનતા લાવી શકાય તે હેતુથી, રાજ્ય સરકારને ઉપકુલાધિપતિનો હોદ્દો દૂર કરવાનું જરૂરી જણાયું છે. ગુજરાતના રાજ્યપાલ યુનિવર્સિટીના કુલાધિપતિ તરીકે પદવીદાન સમારંભમાં અધ્યક્ષસ્થાન સંભાળે તે પણ જરૂરી જણાયું છે. તેથી, સન ૨૦૧૫ના સદરહુ અધિનિયમમાં જરૂરી સુધારા કરવા ધાર્યું છે.

જે બોલીઓ અને શરતોને અધીન કુલપતિની નિમણૂક કરવામાં આવશે તે બોલીઓ અને શરતોની જોગવાઈ કરવા તેમજ કુલપતિની સત્તાઓ અને કાર્યોની પણ જોગવાઈ કરવા માટે વિદ્યમાન કલમો ૧૨ અને ૧૩ સુધારવા ધાર્યું છે. સદરહુ અધિનિયમની અમુક કલમોમાં બીજા પારિણામિક સુધારા કરવા પણ ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**તારીખ: ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪.** **ઋષિકેશ પટેલ.**

## પુરવણી

## ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ અધિનિયમ, ૨૦૧૫

## (સન ૨૦૧૫ના ગુજરાતના ૯-મા) માંથી ઊતારા.

૨. (૧) થી (૧૪) xxx xxx xxx — વ્યાખ્યા.

(૧૫) ''ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)" એટલે કલમ ૧૦ હેઠળ નિમાયેલા યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ;

(૧૬) થી (૨૩) xxx xxx xxx

૩. (૧) xxx xxx xxx — યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન.

(૨) ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર), કુલપતિ, ડીન, રજિસ્ટ્રાર, નાણા અને હિસાબ અધિકારી, પરીક્ષા નિયંત્રક, સંચાલક મંડળ, એકિઝકયુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ, નાણા સમિતિ અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તેવી બીજી તમામ વ્યકિતઓ, એવો હોદ્દો અથવા સભ્યપદ ધારણ કરવાનું ચાલુ રાખે ત્યાં સુધી, તેમનાથી ''ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ" એ નામનું સંસ્થાપિત મંડળ રચવામાં આવશે.

(૩) થી (૫) xxx xxx xxx

૯. યુનિવર્સિટીના અધિકારીઓ નીચે પ્રમાણે રહેશેઃ- — યુનિવર્સિટીના અધિકારીઓ.

(૧) ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર);

(૨) થી (૭) xxx xxx xxx

૧૦. (૧) રાજય સરકાર, સંચાલક મંડળ સાથે વિચારવિનિમય કરીને, યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)ની નિમણૂક કરશે. — ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર).

(૨) ઉપકુલાધિપતિ, ટ્રાન્સપ્લાન્ટેશન (પ્રત્યારોપણ)ના ક્ષેત્રમાં ઓછામાં ઓછો ૨૦ વર્ષનો અનુભવ ધરાવતી નામાંકિત વ્યકિત હોવી જોઇશે, જેમાં ટ્રાન્સપ્લાન્ટેશન (પ્રત્યારોપણ)ના ક્ષેત્રમાં સંશોધનના અનુભવનો પણ સમાવેશ થશે.

(૩) ઉપકુલાધિપતિ પાંચ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તેઓ ફેરનિમણૂકને પાત્ર રહેશે.

(૪) ઉપકુલાધિપતિનો હોદ્દો મૃત્યુ, રાજીનામાના કારણે અથવા અન્યથા ખાલી પડે, ત્યારે રાજય સરકારે, બનતી ત્વરાએ, પેટા-કલમ (૧)ની જોગવાઇ અનુસાર યોગ્ય વ્યક્તિની યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ તરીકે નિમણૂક કરવી જોઇશે. રાજય સરકાર દ્વારા આવી નિમણૂક કરવામાં આવે ત્યાં સુધી, કુલપતિ, ઉપકુલાધિપતિની ફરજો બજાવશે અને તેમના કાર્યો કરશે.

(૫) ઉપકુલાધિપતિ, પોતાની સહીથી લેખિતમાં, રાજય સરકારને સંબોધીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, રાજય સરકાર જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

ઉપકુલાધિપતિની સત્તા. **૧૧.** (૧) ઉપકુલાધિપતિ, સંચાલક મંડળની બેઠકોનું અને યુનિવર્સિટીના પદવીદાન સમારંભનું અધ્યક્ષસ્થાન લેશે.

(૨) ઉપકુલાધિપતિ, આ અધિનિયમથી અથવા તે હેઠળ કરેલા વિનિયમોથી અથવા તે હેઠળ તેમને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૩) ઉપકુલાધિપતિને, આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીનું, તેના મકાનોનું, છાત્રાલયો, ગ્રંથાલયો, સાધનસામગ્રીઓનું અને યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી કોઇ સંસ્થા અથવા કેન્દ્રની કાર્યપદ્ધતિઓ અને કાર્યવાહીઓનું અને યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવતી પરીક્ષાઓ, અધ્યાપન, સંશોધન અને કરવામાં આવતા બીજા કાર્યનું પણ, તેઓ આદેશ કરે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા, નિરીક્ષણ અથવા પુનર્વિલોકન કરાવવાની અને યુનિવર્સિટીના વહીવટ, શૈક્ષણિક બાબતો અને નાણાંને લગતી કોઇપણ બાબતની તપાસ તે જ રીતે કરાવવાની સત્તા રહેશે.

કુલપતિ. **૧૨.** (૧) રાજ્ય સરકાર, ઉપકુલાધિપતિ સાથે વિચારવિનિમય કરીને, કુલપતિની નિમણૂક કરશે.

(૨) કુલપતિની લાયકાત અને બીજી બોલીઓ અને શરતો, રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેવી રહેશે.

(૩) કુલપતિ પાંચ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને ફેરનિમણૂકને પાત્ર રહેશે.

(૪) કુલપતિનો હોદ્દો મૃત્યુ, રાજીનામાના કારણે અથવા અન્યથા ખાલી પડે, ત્યારે રાજ્ય સરકારે, બનતી ત્વરાએ, પેટા-કલમ(૧)ની જોગવાઇ અનુસાર યોગ્ય વ્યકિતની યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂક કરવી જોઇશે.

(૫) કુલપતિ, ઉપકુલાધિપતિ મારફત, પોતાની સહીથી લેખિતમાં, રાજ્ય સરકારને સંબોધીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, રાજ્ય સરકાર જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

કુલપતિની સત્તા અને કાર્યો. **૧૩.** કુલપતિ,-

(૧) xxx xxx xxx

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને નાણા સમિતિની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે;

(૩) થી (૫) xxx xxx xxx

(૬) આ અધિનિયમ અથવા વિનિયમોથી અથવા તે હેઠળ તેમને સોંપવામાં આવે તેવી અથવા સંચાલક મંડળ અથવા ઉપકુલાધિપતિ તેમને સોંપે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

કુલપતિની તાકીદની સત્તા. **૧૪.** (૧) તાકીદના પ્રકારની કોઇ બાબત અંગે તાત્કાલિક પગલું લેવું પડે તેમ હોય અને આ અધિનિયમ હેઠળ તેની તજવીજ કરવા માટે સત્તા આપવામાં આવેલ યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ અથવા કોઇ અધિકારીમંડળ અથવા મંડળ દ્વારા તેની તાત્કાલિક

તજવીજ કરી શકાય તેમ ન હોય, ત્યારે કુલપતિ પોતાને યોગ્ય લાગે તેવું પગલું લઇ શકશે અને આવી બાબતની સામાન્ય ક્રમમાં જેણે તજવીજ કરી હોત તે યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળને પોતે એવી રીતે લીધેલા પગલાંની તરત જ જાણ કરશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળની તાકીદની બાબતને કારણે કુલપતિની સત્તા વાપરવામાં, કોઇ વ્યકિતની નિમણૂક કરવાનો સમાવેશ થતો હોય, ત્યારે આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઇઓ અનુસાર, એવી નિમણૂકને મંજૂર કરવાની સત્તા આપેલા સક્ષમ અધિકારીમંડળે, કુલપતિના હુકમની તારીખથી છ મહિનાથી મોડું ન હોય તેટલા સમયની અંદર, આવી નિમણૂકને બહાલી આપવી જોઇશે, અન્યથા આવી નિમણૂક અમલમાં હોતી બંધ થશે.

**૧૫.** (૧) xxx xxx xxx ડીન.

(૨) કુલપતિ, સંચાલક મંડળની તે અંગેની મંજૂરી લઈને, યુનિવર્સિટીના પ્રાધ્યાપકોમાંથી, ડીનની નામનિયુક્તિ કરશે.

(૩) થી (૬) xxx xxx xxx

**૨૦.** (૧) યુનિવર્સિટીનું સંચાલક મંડળ, નીચેના સભ્યોનું બનશેઃ- સંચાલક મંડળ.

(૧) ઉપકુલાધિપતિ;

(૨) થી (૫) xxx xxx xxx

(૬) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના, ઇન્સ્ટિટયૂટની ગવર્નિંગ બોડીમાંથી રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના ચાર સભ્યો, જેમાંથી બે સભ્યો ટ્રાન્સ્પ્લાન્ટેશન (પ્રત્યારોપણ)ના ક્ષેત્રમાંના શિક્ષણવિદ્ હોવા જોઇશે.

(૨) xxx xxx xxx

(૩) (૧) અને (૨) xxx xxx xxx

(૩) નામનિયુકત કરેલ સભ્ય, ઉપકુલાધિપતિને સંબોધીને, પોતાની સહીથી લેખિતમાં પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને તેમનું રાજીનામું જે તારીખે સ્વીકારવામાં આવે તે તારીખથી અમલમાં આવશે.

(૪) xxx xxx xxx

(૪) સંચાલક મંડળ, જરૂરી હોય તેટલી વખત, ઉપકુલાધિપતિ નક્કી કરે તેવી તારીખોએ મળશે. તેમ છતાં, ઉપકુલાધિપતિ, પોતે યોગ્ય ગણે, ત્યારે સંચાલક મંડળની ખાસ બેઠક બોલાવી શકશે. બેઠકમાં કામકાજના સંચાલન સંબંધી અનુસરવાના કાર્યરીતિના નિયમો અને બેઠકને લગતી જરૂરી હોય તેવી બીજી બાબતો વિનિયમોથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

(૫) xxx xxx xxx

(૬) ઉપકુલાધિપતિ, સંચાલક મંડળની દરેક બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે અને તેમની ગેરહાજરીમાં, કુલપતિ આવી બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે અને તે બંનેની ગેરહાજરીમાં, બેઠકમાં હાજર હોય તેવા સભ્યો પસંદ કરે તેવા એક સભ્ય બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે.

(૭) xxx xxx xxx

**૨૧.** (૧) xxx xxx xxx — સંચાલક મંડળની સત્તા અને કાર્યો.

(૨) સંચાલક મંડળને નીચેની સત્તા રહેશેઃ-

(૧) થી (૮) xxx xxx xxx

(૯) સંચાલક મંડળે તાકીદના પગલાં લેવાનું જરૂરી બને, તો ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર), સંચાલક મંડળના સભ્યોને કાગળો (દસ્તાવેજો) પરિપત્રિત કરીને, કરવાના કામકાજની પરવાનગી આપી શકશે. સંચાલક મંડળના બહુમતી સભ્યોએ એ બાબતે સંમતિ આપેલી હોય તે સિવાય, લેવા ધારેલું પગલું એ રીતે લેવું જોઇશે નહિ. આ રીતે લીધેલા પગલાંની જાણ, સંચાલક મંડળના તમામ સભ્યોને તરત જ કરવી જોઇશે અને સંચાલક મંડળની તરત પછીની બેઠક સમક્ષ કાગળો બહાલી માટે મૂકવા જોઇશે;

(૧૦) થી (૧૨) xxx xxx xxx

**૩૬.** (૧) xxx xxx xxx — યુનિવર્સિટીના સ્ટાફને બરતરફ કરવા, દૂર કરવા, પાયરી ઉતાર અથવા તેમની સેવા સમાપ્ત કરવા બાબત.

(૨) પેટા-કલમ (૧) હેઠળના હુકમ સામેની અપીલ, આવા હુકમની જાણ થયાની તારીખથી નેવું દિવસની અંદર ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)ને કરવી જોઇશે અને આવી અપીલમાં ઉપકુલાધિપતિનો નિર્ણય આખરી રહેશે.

**૩૮.** (૧) xxx xxx xxx — વિનિયમો કરવાની સત્તા.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એવા વિનિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશેઃ-

(૧) xxx xxx xxx

(૨) યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર), કુલપતિ, ડીન, રજિસ્ટ્રાર, નાણા અને હિસાબી અધિકારી અને બીજા અધિકારીઓએ વાપરવાની બીજી સત્તા અને કરવાના કાર્યો બાબત;

(૩) થી (૨૫) xxx xxx xxx

**૩૯.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ વિનિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કાર્યના સંબંધમાં, યુનિવર્સિટી, યુનિવર્સિટીના ઉપ-કુલાધિપતિ, કુલપતિ, નિયામકો, પ્રાધ્યાપકો, સહ-પ્રાધ્યાપકો, મદદનીશ પ્રાધ્યાપકો, ડીન, રીડર, વ્યાખ્યાતા અધિકારીમંડળો અથવા અધિકારીઓ અથવા કર્મચારીઓ અથવા બીજી કોઇ વ્યકિત સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ અને કોઇ નુકસાની બદલ યુનિવર્સિટી પાસેથી કોઇ દાવો કરી શકાશે નહિ. — ક્ષતિપૂર્તિ અને કાનૂની કાર્યવાહીઓ.

યુનિવર્સિટીના પ્રથમ અધિકારીઓ અને કર્મચારીઓ માટેની વચગાળાની જોગવાઈઓ.

૪૨. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં,-

(૧) થી (૪) xxx xxx xxx

(૫) IKDRC-ITS, અમદાવાદ-ના વિદ્યમાન અધિકારીઓ અને કર્મચારીઓ, યોગ્યતા અંગેના માપદંડ પરિપૂર્ણ કરવાને અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરીને અધીન રહીને, યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ હોવાનું ગણાશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૫.]

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ અધિનિયમ, ૨૦૧૫ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી ઋષિકેશ પટેલ,
આરોગ્ય મંત્રીશ્રી.]

(સન ૨૦૨૪ના ફેબ્રુઆરી મહિનાની ૨૨-મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.